મે.મોરબીના ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોરબી.

ફોજ.કેસ નં.૩૫૦૧/૨૦૨૫

આંકઃ—

ફરિયાદીઃ— શ્રી સરકાર વતી – એમ.પી.જોષી.

વિરૂધ્ધ

આરોપી :— (૧) સંસ્થા –કિશાન પ્લસ મિનરલ્સ

(૨) ભાગીદારશ્રી પરસોતમભાઈ રવજીભાઈ બાવરવા –મોરબી.

આરોપઃ— બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો –૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) ના ભંગ અંગેની કલમ ૨૯ મુજબ.

(૧) આ કેસ આજ રોજ નામદાર હાઈકોર્ટના માર્ગદર્શન અન્વયે સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીગમા રાખી હાથ ઉપર લેવામાં આવેલ છે.હાલની ફરીયાદ આ કામના ફરીયાદીએ કરી એવુ જણાવેલ છે કે, તેની તપાસ દરમ્યાન આરોપીએ બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો –૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) ના ભંગ અંગેની કલમ ૨૯મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ અન્વયે કોર્ટે કોગ્નીઝન્સ લઈ આરોપીને તે ગુના અંગે સમન્સ કરવામા આવેલ.

(૩) આરોપીને સમન્સ બજતા હાજર થયેલા છે.આરોપીનં આંક–<u>૦૪</u> થી કબુલાત પુરસીસ સી.આર.પી.સી.કલમ ૨૫૨ અન્વયે રજુ કરેલ. આરોપીને સી.આર.કલમ ૨૫૧ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ કરવો

છે કે કેમ ? તે અંગેની પ્લી આંક –૫ થી રેકર્ડ કરવામા આવેલ,જેમાં આરોપીએ પોતે ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુનો સ્વૈચ્છાએ કબુલ કરતા હોવાનું તથા કોઈ પણ જાતની લાલચ કે દબાણ વિના કબુલાત પુરસીસ રજુ કરી સહી કર્યાનું કબુલ કરેલ છે.તે વુધમાં, એવુ જણાવેલ છે કે,પોતાને આ અંગે ખબર ન હતી.અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહી તેની ખાતરી આપે છે.તથા પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિનાછોડી મુકવા અથાવ કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે આરોપી સામેના ગુનાની હકિકત તથા સજાની જોગવાઈ ધ્યાને લેવી. આરોપી સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેથી તેને દોષીત ઠરાવવામાં આવે છે પરંત આરોપીએ જે જોગવાઈ ભંગ કરેલ છે તે જોગવાઈ તથા ગુનાની હકીકત આરોપીની ઉમંર, કેસ હકીકત, સજાની જોગવાઈ, કાયદાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછા દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે તક આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કરેલ હોય કે દોષીત ઠરેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આરોપી સામેનો આ પ્રથમ ગુન્હો હોય,આથી આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:<u>હુકમ</u>:**

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસની કલમ ૨૫૨ મુજબ બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો –૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) ના ભંગ અંગેની કલમ ૨૯નો ભંગ કરેલ છે જે ગુના અંગે દોષીત ઠરાવવામાં આવે છે તે ગુના અંગે આરોપીને જોગવાઈના ભંગ બદલ દરેક આરોપીને રૂ.૧૦૦૦/– એમ કુલ રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) ના દંડ ની સજા કરવામાં આવે છે. આરોપીઓએ ભરેલ

દંડ સરકારીશ્રીમાં જમા કરાવવો.આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ સ્પેશ્યલ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : મોરબી.

બી. વી. સંચાણીય
ચીફ જ્યુડીશ્યલ મૅજીસ્ટ્રેટ,
મોરબી.
**કોડ નં.જી.જે.૦૦૭૪૫**

ફોજદારી દંડની રકમ રૂા.**૧,૦૦૦/–(અંકે રૂપીયા એક હજાર પૂરા)**

દંડની પહોંચ નં.____________, **તા.૧૪/૦૩/૨૦૨૬** વસુલ લીધી.

સીની.કલાર્ક / આસીસ્ટન્ટ,
ચીફ જ્યુડીશ્યલ મૅજીસ્ટ્રેટ કોર્ટ,
મોરબી.